રામદેવના નિવદેનથી સંસદમાં હોબાળો

નવી દિલ્હી તા. ૨

બાબા રામદેવે સાંસદોને લુટારા, હત્યારા તરીકે ગણાવ્યા બાદ આને લઈને ભારે હોબાળો મચી ગયો છે. તમામ રાજકીય પક્ષોએ બાબા રામદેવ સામે મોર્ચો માંડી લીધો છે. ભાજપ, આરજેડી, સમાજવાદી પાર્ટી અને અન્ય તમામ રાજકીય પક્ષો આની સામે આકમક ઝુંબેશ અને આકરી પ્રતિક્રિયા આપી છે. સાંસદોની સામે કરવામા આવેલી યોગગુરુ બાબા રામદેવની ટિપ્પણીને લઈને સંસદમાં ભારે હોબાળો મચી ગયો છે. સાંસદોએ બાબાના નિવદેનને બિન જવાબદારી પૂર્વકના અને બિન લોકશાહી તરીકે ગણાવીને આની જોરદાર ટીકા કરી છે. લોકસભામાં જુદા જુદા રાજકીય પક્ષોએ ભારે ધાંધલ ધમાલ મચાવી દીધી છે. સાંસદોની સામે ટિપ્પણી બદલ રામદવે હવે સંકજામાં આવી ગયા છે. કોંગ્રેસનેતા તારીક અનવરે

કહ્યુ છે કે તેમના નિવદેનની ગંભીરતાથી લેવાની જરૂર નથી. બીજી બાજુ અન્ય કોંગ્રેસી નેતા સત્યવ્રત ચતુર્વેદીએ કહ્યુ છે કે સાંસદોને તેમના પ્રમાણપત્રની કોઈપણ જરૂર નથી. રામદેવના નિવેદન પર કોંગ્રેસ ઉપરાંત ભાજપે પણ આકરી પ્રતિક્રિયા આપી છે.

ભાજપના નેતા યશવંત સિન્હાએ કહ્યુ છે કે સાંસદોના અપમાન કરવાની બાબત ફેશન સમાન છે. જે પણ વ્યક્તિ સાંસદોનુ જેટલુ અપમાન કરે છે તે હીરો તરીકે ઉભરી રહ્યા છે. તેમણે કહ્યુ હતુ કે કોઈને પણ લોકશાહી મૂલ્યોને નુકસાન પહોંચાડવાનુ અધિકાર નથી. ભાજપના અન્ય એક નેતા કીર્તિ આઝાદે કહ્યુ છે કે બાબા રામદેવને વિચારીને નિવદેન કરવુ જોઈએ હવે રામદેવની વિશ્વસનીયતા સામે પણ સંકટ છે. આરજેડીના નેતા લાલુ યાદવે આકરી પ્રતિક્રિયા કરતા કહ્યુ હતુ કે બાબા રામદેવ મેંટલ કેસ છે જ્યારે ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ કલામ પોતે કહી ચુક્યાછે કે લોકપાલ ભ્રષ્ટાચારને દુર કરવામા અસરકારક રહેશે નહીં

બાબા રામદેવ સામે સમાજવાદી પાર્ટી દ્વારા વિશેષાધિકાર ભંગની દરખાસ્ત રજૂ કરાઈ

નવી દિલ્હીતા. ૨

સાંસદોને લુટારા, હત્યારા કહેનાર યોગગુરુ બાબા રામદેવ સામે સમાજવાદી પાર્ટીએ વિશેષાધિકાર ભંગની દરખાસ્ત જારી કરી દીધી છે. ખૂબ જ ભ્રષ્ટ અને અપમાનજનક શબ્દોનો ઉપયોગ કરવા બદલ સમાજવાદી પાર્ટીએ વિશેષાધિકાર ભંગની દરખાસ્ત કરી દીધી છે. સંસદના સભ્યોને ભ્રષ્ટાચારી, નિરીક્ષર, લુટારા, હત્યારા અને ચારિત્રહીન કહેવા બદલ બાબા રામદેવ હવે મુશ્કેલીમાં આવી ગયા છે. લોકસભાના અધ્યક્ષ મીરાકુમાર અને કેટલાક સાંસદો રામદેવના નિવેદનથી હતાશ દેખાઈ રહ્યા

છે. અધ્યક્ષ મીરાકુમારે કહ્યુ છે કે બંધારણ સર્વોચ્ચ છે. દરેક બાબાતની નોંધ લેવી જોઈએ. અત્રે ઉલ્લેખનીય છે કે છત્તીસગઢના દુર્ગમાં એક મહીના લાંબી યાત્રા શરૂ કરતી વેળા રામદેવે સાંસદો ઉપર તીવ્ર પ્રહારો કર્યા હતા. અને તેમના માટે અપમાનજનક શબ્દોનો ઉપયોગ કર્યો હતો. સંસદમાં રહેલા સારો લોકોનુ હોવો સન્માન કરે છે પરંતુ લુટારાઓ અને હત્યારાઓ તરફ ધ્યાન આપવાની જરૂર નથી. સંસદને બચાવી લેવાની જરૂર છે. આવા ભ્રષ્ટ લોકોને દુર કરવાની જરૂર છે. અત્રે ઉલ્લેખનીય છે કે અગાઉ ટીમ અણ્ણાના સભ્ય અરવિંદ કેજરીવાલે પણ સંસદ સભ્યો પૈકી તેમની નારાજગી વ્યકત કરી હતી. હવે બાબા રામદેવે આ પ્રકારની પ્રતિક્રિયા આપી છે. કેન્દ્રીય પ્રધાન હરીશ રાવતે કહ્યુ છે કે સમગ્ર લોકશાહી માળખાને નુકસાન પહોંચે તેવા નિવેદન બાબા રામદેવ કરી રહ્યા છે. બાબા રામદેવ આ પ્રકારના નિવેદન કરી શકે છે તો આશ્ચર્યજનક બાબાત છે. બાબા રામદેવની તકલીફ વધી શકે છે. કારણ કે મામલો વિશેષાધિકાર સમિતિને સોંપી દેવામાં આવ્યો છે. ભાજપ અને અન્ય પાર્ટીઓના વરિષ્ઠ નેતાઓ ખૂબ નારાજ દેખાઈ રહ્યા છે. ત્યારે આના ઉપર ભાર આપવાની બાબાત યોગ્ય દેખાતી નથી. લાલુ યાદેવે આજે કહ્યુ હતુ કે બાબા રામદેવ હતાશ થઈ ચુક્યા છે. હતાશામાં તેઓ આડેધડ નિવેદન કરી રહ્યા છે. બીજી બાજુ અણ્ણા હજારેએ રામદેવના નિવેદનને સમર્થન આપતા કહ્યુ છે કે તમામ પાર્ટીઓએ ચૂંટણીમા વિચારીને ટિકિટ આપવી જોઈએ. અત્રે ઉલ્લેખનીય છે કે યોગગુરુ બાબા રામદેવે કાળાનાણાંને લઈને છેડવામાં આવેલા અભિયાન દરમિયાન છત્તીસગઢના દુર્ગમાં કહ્યુ હતુ કે સંસદમાં લુટારાઓ, હત્યારાઓ અને માનવીના રૂપમાં શેતાન બેસેલા છે. તેમણે એમ પણ કહ્યુ હતુ કે સંસદમાં કેટલાક લોકો સારા પણ છે આ સારા લોકોનો તેવો સન્માન કરે છે.

સીબીઆઈએ વર્ષ ૨૦૧૧માં ભ્રષ્ટાચારના ૬૦૦ કેસ નોંધ્યા

નવી દિલ્હી, તા. ૨

સરકારે આજે કહ્યુ હતુ કે વર્ષ ૨૦૧૧માં સીબીઆઈએ ભ્રષ્ટાચારના ૬૦૦ કેસ નોંધ્યા છે. વર્ષ ૨૦૧૦માં સીબીઆઈએ ૭૯૫ ભ્રષ્ટાચારના કેસ નોંધ્યા હતા. લોકસભામાં આ અંગેની માહિતી આપતા જાહેર ફરિયાદ અને પેનશન બાબાતોના પ્રધાન વી નારાયણ સ્વામીએ કહ્યુ હતુ કે કેસોની સંખ્યામાં ઘટાડો થયો છે. પરંતુ હજુ પણ મોટી સંખ્યામાં ભ્રષ્ટાચારના કેસ થઈ રહ્યા છે. છેલ્લા ત્રણ વર્ષના ગાળામાં સીબીઆઈએ ભ્રષ્ટાચાર અટકાયત ધારા સહિત જુદા જુદા કાયદા હેઠળ ગુનાઓ બદલ સરકારી કર્મચારીઓ સામે ખટલો ચલાવાની માંગણી કરી છે. તેમણે કહ્યુ હતુ કે જુદા જુદા મંત્રાલયો અને વિભાગો તથા રાજ્ય સરકારના કર્મચારીઓ સામે કેસ નોંધવામાં આવ્યા છે. ૨૫૮૩ સરકારી અધિકારીઓને આવરી લેતા ૧૪૫૯ કેસોમાં કાર્યવાહી કરવાની માંગણી કરવામા આવી છે. સીબીઆઈ જુદા જુદા મંત્રાલયો વિભાગો અને રાજ્યસરકારોમાં છેલ્લા ત્રણ મહિનામાં ૩૯ કેસોમાં પ્રોસીક્યુશન માટે મંજૂરીના રાહ જોઈ રહી છે. ત્રણ મહિનાની સમય મર્યાદા ખતલા માટે મંજૂરી અંગે નિર્ણય લેવા નક્કી કરવામાં આવે છે પરંતુ આ સમય મર્યાદા પાળી શકાઈ નથી કારણ કે સંબંધિત મંત્રાલયો અને વિભાગો માટે આ મર્યાદા જાળવવી મુશ્કેલ રુપ છે. ઉપલબ્ધ પુરાવાની ચકાસણી, સીવીસી સાથે વાતચીત, રાજ્ય સરકારો અને અન્ય સંસ્થાઓ સાથે વાતચીત અને કેટલાક કેસોમાં સંબંધિત દસ્તાવેજી પુરાવા નહી મળવાની બાબાત પણ વિલંબ માટે જવાબદાર છે અન્ય એક પ્રશ્નના જવાબમાં પ્રધાને કહ્યુ હતુ કે વર્ષ ૨૦૧૧-૨૦૧૨માં સીવીસીએ ઘણા કેસ હાથ ધર્યા હતા.

લોકપાલ કાયદાથી માત્ર જેલ ભરશે : કલામ

ટીમ અણ્ણાના સભ્યો કલામના નિવેદનથી ભારે નાખુશ

નવી દિલ્હી,તા.૨

અણ્ણા હઝારેના જનલોકપાલને જેટલું સમર્થન મળ્યું છે એટલા જ ટીકાકારો પણ રહ્યા છે. તમામ લોકોએ આની સફળતા પર પ્રશ્નો પણ ઉઠાવ્યા છે. હવે આ યાદીમાં ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ અબ્દુલ કલામ પણ જોડાઈ ગયા છે. અબ્દુલ કલામે નવું નિવેદન કરીને એક નવી જ ચર્ચા છેડી દીધી છે. રાચીમાં એક કાર્યક્રમ દરમિયાન કલામે કહ્યું હતું કે લોકપાલ

કાયદાથી માત્ર જેલ જ ભરશે, ભ્રષ્ટાચાર ખતમ થશે નહીં. માત્ર લોકપાલ કાયદાથી દેશમાં ભ્રષ્ટાચાર ખતમ થશે કે કેમ તે અંગે પૂછવામાં આવતા કાર્યક્રમમાં પોતાનો મત આપતા તેમણે કહ્યું હતું કે લોકપાલ કાયદાથી માત્ર જેલ ભરશે. ભ્રષ્ટાચાર ખતમ થશે નહીં. ભ્રષ્ટાચારને ખતમ કરવાની શરૂઆત માત્ર ઘરથી જ થઈ શકે છે. બાળકો અને યુવાનો તેની શરૂઆત કરીને દેશને ભ્રષ્ટાચારમાંથી મુક્ત કરાવી શકે છે. કલામ ઝારખંડમાં વોટ કેન આઈ ગિવ મિશનની શરૂઆત માટે રાચી પહોંચ્યા હતા. બાળકોને નૈતિકતા અંગે જ્ઞાન કરતી વેળા કલામ લોકપાલ કાયદા અંગે પણ બોલ્યા હતા. તેમણે કહ્યું હતું કે દેશને ભ્રષ્ટાચારમાંથી મુક્ત કરાવવા માટે દરેક ઘરમાં સ્વચ્છતા જરૂરી થઈ ગઈ છે. આ પ્રસંગે બાળકોને કલામે પ્રશ્નો કર્યા હતા. તેમના ઘરમાં ભ્રષ્ટાચારને ચલાવી લેવામાં આવશે નહીં તેવા પ્રશ્ન તરફ ધ્યાન આપવા કલામે કહ્યું હતું. ખોટી કમાણીના પૈસાથી કોઈ ચીજ ન ખરીદવા કલામે બાળકોને સલાહ આપી હતી. અલબત્ત ટીમ અણ્ણાને કલામની આ વાત પસંદ આવી ન હતી. ટીમ અણ્ણાના મહત્વના સભ્ય કિરણ બેદીએ ટ્વિટર પર કહ્યું છે કે કલામે ભ્રષ્ટાચારને ખતમ કરવા સામાજિક અને નૈતિક માર્ગ બતાવ્યો છે. જ્યારે ભ્રષ્ટાચારને દૂર કરવા માટે લોકોને શિક્ષણ આપવાની સાથે સાથે કઠોળ કાયદાની જરૂર છે.

ટાટ્રાના મામલે તપાસ વધુ ઝડપી બનાવાશે : એન્ટોની

નવી દિલ્હી, તા. ૨

સંરક્ષણ પ્રધાન એકે એંટોનીએ આજે કહ્યુ હતુ કે સરકાર સીબીઆઈને ટાટ્રા ટ્રક સોદાબાજીમાં થયેલા કૌભાંડની તપાસને ફાસ્ટ ટ્રેક ઉપર મુકવા અપીલ કરશે. ટાટ્રા મામલામાં તપાસ ઝડપી બનાવવા સીબીઆઈને કહેવમાં આવી ચુક્યુ છે. એન્ટોનીએ આજે રાજ્યસભામાં પ્રશ્નકલાક દરમિયાન સાફ શબ્દોમાં કહ્યુ હતુ કે આ મામલામાં સરકારનુ વલણ બિલકુલ સ્પષ્ટ છે. સરકાર કોઈપણ વાત છુપાવી રહી નથી. એન્ટોનીએ એમ પણ કહ્યુ હતુ કે આ મામલામાં સંસદની અંદર સભ્યોના દરેક સવાલનો જવાબ આપવા માટે તૈયાર છે. પરંતુ સંસદમાં જુદા જુદા વિષયો પર દરરોજ નિવેદન કરવુ યોગ્ય નથી. સંરક્ષણ મંત્રીએ કહ્યુ હતુ કે તાપસ સંસ્થા આ મામલામાં ગંભીરતા પૂર્વક અને ઉંડી તપાસ કરી રહી છે.

ટુજી હરાજીના મામલે યુનિનોરની સુપ્રીમ કોર્ટમાં તીવ્ર દલીલો

નવી દિલ્હી, તા. ૨

દુરસંચાર કંપની યુનિનોરે સ્પેક્ટ્રમ હરાજીના મામલે દુરસંચાર રેગ્યુલેટર ટ્રાયની ભલામણોની સામે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી દીધી છે. સુપ્રીમ કોર્ટ દ્વારાફેબ્રુઆરી મહિનામાં ટુજી મોબાઈલ સેવાના જે ૧૨૨ લાઈસન્સ રદ કરવામાં આવ્યા હતા તેમા યુનિનોરના લાઈસન્સ પણ સામેલ છે. જસ્ટિસ જીએસ સિંઘવીની બેંચ સમક્ષ ઉપસ્થિત થઈને કંપનીએ કહ્યુ છે કે ટ્રાઈએ હરાજીની જે પ્રક્રિયા તૈયાર કરી છે તે સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ નથી. વરિષ્ઠ વકીલ મુકુલ રોહતગીએ કહ્યુ છે કે ટ્રાઈની ૨૩મી એપ્રિલ ૨૦૧૨ની ભલામણથી કુત્રિમ રીતે સ્પેટ્રમના પુરવઠાને અસર થશે આનાથી કિંમતો ઉપર પણ અસર થશે. કુલ ૧૨૨ યુએએસ લાયસન્સ રદ કરવામાં આવ્યા છે જેમા દરેક સર્કલમાં ચારથી છ ઓપરેટરોને અસર થઈ છે બીજી બાજુ ટ્રાઈની ભલામણો હેઠળ માત્ર એક ઓપરેટર જ સ્પેક્ટ્રમ હાસલ કરવામાં સફળ રહેશે. કંપનીની દલીલો સાંભળેલા યુનિનોરની અરજીને સ્વીકાર કરીને અપીલ દાખલ કરવાની મંજૂરી આપી હતી. કંપનીએ કહ્યુ છે કે હરાજી પર ટ્રાઈની ભલામણોની અસર એ થશે કે કોઈપણ નવા ઓપરેટરઆમાં સફળતા પૂર્વક ભાગ લઈ શકશે નહી જેનાથી મહેસુલને નુકસાન થશે. કંપનીએ આજે નવુ નિવેદન જારી કરીને કહ્યુ છે કે ટ્રાઈની ભલામણો સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ નથી. નોર્વેની દુરસંચાર કંપની ટેલિનોરે સોમવારે જ કહ્યુ હતુ કે ભારતમાં દુરસંચાર ક્ષેત્રમાં કારોબારના વાતાવરણની અનિશ્ચિતતાના કારણે તે દેશના ૮.૩ કરોડ ડોલર અથવા તો ૩૫ અબજ રૂપિયામાં મૂડીરોકાણને છોડી દેશે. ટેલિનોરના ઓસ્લો સ્ટોક એક્સેંજને કહેવમાં આવ્યુ છે કે જરૂરી રજૂઆત થઈ રહી છે.

ઓબામાની યાત્રા બાદ કાબૂલમાં ત્રણ કાર વિસ્ફોટ

કાબુલ,તા. ૨

અમેરિકી પ્રમુખ બરાક ઓબામાએ એકાએક અફઘાનિસ્તાનની યાત્રા કર્યાના કલાકો બાદ જ પાટનગર કાબૂલમાં ત્રણ કાર બોમ્બ વિસ્ફોટ થયા હતા. ઓબામાની યાત્રા બાદ ત્રિપલ બ્લાસ્ટથી કાબૂલ હચમચી ઉઠ્યું હતું. જો કે આ બ્લાસ્ટમાં વધારે નુકશાન ટળી ગયું છે. અફઘાનિસ્તાનના પ્રમુખ હમીદ કરઝાઈને મળવા માટે ઓબામા એકાએક અફઘાનિસ્તાન પહોંચ્યા હતા. તેમની યાત્રાને ખૂબ જ ગુપ્ત રાખવામાં આવી હતી. અફઘાનિસ્તાનના પાટનગરમાં પૂર્વીય વિસ્તારમાં થયેલા ત્રિપલ બ્લાસ્ટમાં એક ગાર્ડ અને એક નાગરિક સહિત ૧૦ લોકોના મોત

થઈ ગયા હતા અને અન્ય ૧૭ લોકો ઘાયલ થયા છે.

અફઘાનિસ્તાનના પાટનગરમાં એક દિવાલ સાથે આત્મઘાતી બોમ્બરોએ વિસ્ફોટક ભરેલી કાર અથડાવી દીધી હતી. આ બ્લાસ્ટની જવાબદારી અફઘાન તાલિબાને લીધી છે. આ બ્લાસ્ટ બાદ ગોળીબારના બનાવો પણ બન્યા હતા. દરમિયાન બ્લાસ્ટના મિનિટો બાદ જ કાબૂલમાં અમેરિકી દૂતાવાસને તાત્કાલિક ઘોરણે બંધ કરીને સાવચેતીના તમામ પગલાં લેવામાં આવ્યા હતા. સ્ટાફને કવર લેવા કહેવામાં આવ્યું હતું. એલર્ટની જાહેરાત કરી દેવામાં આવી હતી. આ બ્લાસ્ટ જલાલાબાદ રોડ ઉપર થયા હતા.

અહીં કેટલાક વિદેશી લશ્કરી બેઝ પણ આવેલા છે. કાબૂલ પોલીસના અધિકારી મોહંમદ ઝહીરે કહ્યું છે કે કાબૂલના પૂર્વમાં વિદેશીઓ માટેના કેમ્પ નજીક બ્લાસ્ટ થયા છે. બ્લાસ્ટ બાદ ગોળીબારના અવાજ પણ સભળાયા હતા. ટૂંકી યાત્રા દરમિયાન અમેરિકી પ્રમુખ ઓબામાએ અફઘાનિસ્તાન સાથે એક વ્યૂહાત્મક ભાગીદારી સમજૂતી પણ કરી હતી.

સાથે સાથે અલકાયદાના લીડર ઓસામા બિન લાદેનની પ્રથમ વરસીના દિવસે ઓબામાની આ યાત્રા આવી હતી. ઓબામાએ તમામ મુદ્દા પર વિસ્તાર પૂર્વક વાત કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે પાકિસ્તાનના એબટાબાદ શહેરમાં અમેરિકી કમાન્ડો રજી મે ૨૦૧૧ના દિવસે ત્રાટક્યા હતા અને ઓસામાને મોતને ઘાટ ઉતારી દીધો હતો. અમેરિકા અને અફઘાનિસ્તાને વ્યૂહાત્મક સમજૂતીના મુસદાને આખરી ઓપ આપી દીધાના એક સપ્તાહ બાદ બરાક ઓબામા અફઘાનિસ્તાન પહોંચ્યા હતા. આ

સમજૂતીથી અફઘાનિસ્તાનમાં લાંબાગાળા સુધી અમેરિકાની સૈનાની ઉપસ્થિતિનો માર્ગ મોકળો થશે. વર્ષ ૨૦૧૪ સુધી યુદ્ધગ્રસ્ત અફઘાનિસ્તાનમાંથી નાટોના નેતૃત્વમાં ગઠબંધન સૈનિકોને પાછા ખેચી લીધા બાદ અફઘાનિસ્તાનમાં અમેરિકાના જવાનોની ઉપસ્થિતિ રહેશે. અફઘાનિસ્તાનમાં સુરક્ષાને મજબૂત કરવા અને શાંતિ જાળવી રાખવામાં અમેરિકી સૈનિકોની હાજરી ઉપયોગી સાબિત થઈ શકે છે. હાલમાં અફઘાનિસ્તાનમાં ૯૦ હજાર અમેરિકી જવાનો ફરજ બજાવી રહ્યા છે. અમેરિકા વર્ષ ૨૦૧૨ના અંત સુધી સૈનિકોની સંખ્યા ઘટાડીને ૬૫૦૦૦ સુધી કરી શકે છે અને ૨૦૧૪ના અંત સુધી ૨૦,૦૦૦ સુધી થઈ જશે. સમજૂતીના મુસદા પર હસ્તાક્ષર કરતા પહેલા અફઘાન સરકારે અમેરિકા સાથે બે ચાવીરૂપ સમજૂતી પર સહી સિક્કા કર્યા હતા.

૧૯૬૬ બાદથી ૪૮૨ મીગ વિમાનો તૂટ્યાં છે

નવી દિલ્હી, તા. ૨

સંરક્ષણ મંત્રી એકે એન્ટોનીએ આજે રાજ્યસભામાં જણાવ્યુ હતુ કે વર્ષ ૧૯૬૬ બાદથી સામેલ કરવામાં આવેલા ૮૭૨ મીગ ફાઈટર વિમાનો પૈકી ૪૮૨ વિમાનો દુર્ઘટના ગ્રસ્ત થયા છે અને આમા ૧૭૧ પાઈલોટના મોત થયા છે. ૩૯ નાગરિકોના પણ મોત થયા છે. આ ઉપરાંત ૮ સર્વિસ કર્મચારી અને એક કુમ્મેબ્બરનુ મોત થયુ છે. એન્ટોનીએ રાજ્યસભામાં વિગતવાર માહિતી આપતા કહ્યુ હતુ કે ૧૯૬૦/૧૯૭૦માં મીગ ૨૧થી ૧૯૮૦માં મીગ ૨૯ તરફ વળવાની શરૂઆત થઈ હતી. મીગશ્રેણીના વિમાનો માટે પાયલોટોની પ્રાથમિક બેચની ટ્રેનિંગ શરૂ કરવામાં આવી હતી. સૌથી પહેલા ટ્રેનિગ યુએસએસઆરમાં થઈ હતી. ત્યારબાદ પાયલોટોની ટ્રેનિંગ ભારતમાં થઈ હતી. રશિયન મૂળના મીગ ૨૧ અનેમીગ ૨૭ વિમાનોને સામેલ કરવાના કેસો ટ્રાન્સફર ઓફ ટેકનોલોજી પર આધારિત છે. એચએએલ દ્વારા નિર્માણ કરવામાં આવ્યુ છે. પ્રધાને કહ્યુ હતુ કે મીગ વિમાનો દુર્ઘટનાગ્રસ્ત થવાના મામલામાં ઉંડી તપાસ થઈ છે. પરંતુ નક્કર કારણો જુદા જુદા આવ્યા છે. વિમાનો દુર્ઘટનાગ્રસ્ત થવાના મામલામાં ઘણી સમિતીઓની રચના થઈ છે. ૧૭૧ પાયલટોના મોત પણ ચિંતા સર્જે છે.

આરઆઈએલને પાછળ છોડી ટીસીએસ મોસ્ટ વેલ્યુડ કંપની

મુંબઈ, તા. ૨

ટાટા ગ્રુપની કંપની ટીસીએસે દેશની સૌથી વેલ્યુડ કંપની તરીકે મુકેશ અંબાણીના નેતૃત્વમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીને પાછળ છોડી દેવામાં સફળતા મેળવી છે. માર્કેટ મૂડીની દૃષ્ટિને આરઆઈએલને પાછળ છોડી દેવામાં સફળતા

મેળવી છે. આજે કારોબારના અંતે ટાટા કન્સલટન્સી સર્વિસની માર્કેટ મૂડી ૨૪૮૧૧૬ કરોડ નોંધાઈ હતી જે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીની માર્કેટ મૂડી ૨૪૩૪૧૩ કરોડ કરતા વધારે છે. આરઆઈએલના શેરમાં ૦.૨૫ ટકાનો ઘટાડો આજે કારોબાર દરમિયાન નોંધાયો હતો જ્યારે ટીસીએસના શેરમાં ૧.૮૩ ટકાનો સુધારો નોંધાયો હતો. ટીસીએસ માર્કેટ મૂડીની દૃષ્ટિએ છેલ્લા થોડાક કારોબારી સેશનમાં આગળ વધતા આરઆઈએલને ઓવરટેક કરવામાં સફળતા મેળવી લીધી છે. માર્કેટ વેલ્યુની દૃષ્ટિએ આરઆઈએલ પર આઈટી કંપનીની લીડ ૪૭૦૩ કરોડ રૂપિયા થઈ ગઈ છે. અથવા તો હાલમાં બે ટકાથી ઓછી લીડ છે. વર્ષ ૨૦૦૬માં આરઆઈએલે દેશની સૌથી વેલ્યુડ કંપની તરીકે ઓએનજીસીને પછડાટ આપીને લીડ મેળવી હતી. જો કે ટુકાગાળામાં જ ફરી ઉથલ પાથલની સ્થિતિ સર્જાઈ હતી. બ્લુચીપના શેરમાં આજે નબળો કારોબાર થયો હતો. આરઆઈએલને પછડાટ મળતા ઘણા રોકાણકારો આશ્ચર્યચકિત થયા છે. આઈટીસી ૧૯મી એપ્રિલથી ૩૦મી એપ્રિલના ગાળામાં સૌથી આકર્ષક શેર પૈકી છે. સેંસેક્સ અને નિફ્ટી બંનેમાં આકર્ષણ રહ્યુ છે. આરઆઈએલને ઘણા વર્ષથી ભારતની મોસ્ટ વેલ્યુડ તરીકે ગણવામાં આવે છે. ઓગ્સ્ટ ૨૦૧૧માં ઓલ ઈન્ડિયા સામે તેને પછડાટ હાથ લાગી હતી પરંતુ મોડેથી ફરી નંબર વનનો તાજ મેળવી લીધો હતો. ટુકાગાળા માટે ઓએનજીસીએ પણ તાજ મેળવ્યો હતો. હવે ટીસીએસ આરઆઈએલથી આગળ છે.

કોમનવેલ્થ ગેમ્સ કાંડના સંબંધમાં સીબીઆઈ દ્વારા નવો કેસ દાખલ

નવી દિલ્હી, તા. ૨

સીબીઆઈએ કોમનવેલ્થ ગેમ્સ કૌભાંડના સંબંધમાં આજે એક સાથે ૨૦ જગ્યાઓએ ચકાસણી હાથ ધરી હતી. ૨૦ જગ્યાઓએ ચકાસણી અને સર્ચ કામગીરી હાથ ધરાતા ભારે સનસનાટી મચી ગઈ હતી. આજે સવારથી આ સર્ચ કામગીરી હાથ ધરવામાં આવી હતી. દરમિયાન સીબીઆઈએ કોમનવેલ્થ ગેમ્સ માટે પાંચ સ્ટેડિયમમાં સીન્થેટીક ટ્રેક બીછાવવાના મામલામાં ગેરરીતિ બદલ નવેસરથી કેસ દાખલ કર્યો હતો. સીબીઆઈ સૂત્રોએ કહ્યુ છે કે એનસીઆર, કોલકાતા અને

સીલીગુડી સહિત ૨૦ સ્થળોએ સર્ચ કામગીરી હાથ ધરવામાં આવી હતી. સૂત્રોનુ કહેવુ છે કે આ અનિયમितતા અને ગેરરીતિના લીધે તિજોરીને ૩૦ કરોડનુ નુકસાન થયુ હતુ. સૂત્રોના જણાવ્યા મુજબ સીપીડબ્લ્યુડી, ડીડીએના અધિકારીઓના નિવાસ્થાન ઉપર પણ દરોડા પાડવામાં આવ્યા હતા આ ઉપરાંત ખાનગી સ્પોર્ટ્સ સાધન બનાવતી કંપની ઉપર પણ દરોડા પાડવામાં આવ્યા હતા. સવારથી દરોડાની કામગીરીમા મોટી સંખ્યામાં અધિકારીઓ જોડાયા હતા. જો કે આ સમગ્ર સર્ચ ઓપરેશનની માહિતી ગુપ્ત રાખવામાં આવી હતી. દસ્તાવેજોની ઉંડી ચકાસણી કરવામાં આવી હતી.

છેલ્લાં ૧૦ વર્ષમાં આવાસની ખરીદી સરળ બની

મુંબઈ,તા.૨

મુંબઈ અને અન્ય મોટા શહેરોમાં રિયલ એસ્ટેટની કિંમતો ચોક્કસપણે રેકોર્ડ ઊંચી સપાટીએ પહોંચી છે પરંતુ સરેરાશ દૃષ્ટિએ દેશભરમાં આવાસ છેલ્લા ૧૦ વર્ષમાં ખરીદવાની બાબત પોષાય તેવી બની છે. માત્ર મુંબઈમાં જ નહીં અમદાવાદ જેવા મોટા શહેરમાં પણ એવા પ્રોજેક્ટો ચાલી રહ્યા છે જેમાં આવાસ ખરીદી શકાય છે. અહીં એપાર્ટમેન્ટમાં રેટ પ્રતિ સ્કેવર ફૂટ ૨૫૦૦ની આસપાસ છે. ટૂંકમાં મોટા શહેરોમાં સરેરાશ આવાસની કિંમત પોષાય તેવી બની છે. એચડીએફસીના આંકડામાં જણાવવામાં આવ્યું છે કે લોન લેનાર લોકો દ્વારા ખરીદવામાં આવતા મકાનની સરેરાશ કિંમત વર્ષ ૨૦૦૨માં ૧૨ લાખ હતી. થોડાક ગાળામાં આવાસ માટે સરેરાશ ચૂકવવામાં આવતી રકમ ૪૦ લાખ જેટલી થઈ ગઈ છે. પરંતુ સાથે સાથે પગાર પણ વધ્યો છે. ટૂંકાગાળામાં લોન લેનાર વ્યક્તિનો પગાર ૨.૪૫ લાખથી વધીને વાર્ષિક ૮.૩ લાખ થયો છે. જેથી આવાસ ખરીદી શકાય તેવી સ્થિતિ છે. પોષાય તેવા મકાનની કિંમત રાખવાની બાબત મોટાભાગના બિલ્ડરો ઘણી રહ્યા છે પરંતુ જુદી જુદી ચીજવસ્તુઓની કિંમતો વધી છે જેથી આવાસની કિંમત પણ વધી છે. દેશમાં પ્રતિ વ્યક્તિ આવક વર્ષ ૨૦૦૨-૦૩માં ૧૯૦૪૦ હતી તે વર્ષ ૨૦૧૦-૧૧માં વધીને ૫૩૩૩૧ થઈ છે. પોષાય તેવી કિંમતનો મતલબ એ છે કે વ્યક્તિ મકાનની ખરીદી કરી શકે. મુંબઈના અંધેરીમાં વર્ષ ૨૦૦૧-૦૨માં એક બેડરૂમના એપાર્ટમેન્ટની કિંમત ૨૨ લાખની આસપાસ હતી. આનું ભાડું પણ હવે ૮૦૦૦થી ૯૦૦૦ મળે છે. આજે આ જ એપાર્ટમેન્ટની માર્કેટ વેલ્યુ ૧ કરોડ થઈ છે પરંતુ ભાડાની ઈકમ ૨૫,૦૦૦ સુધી પહોંચી છે.

'સત્યમેવ જયતે' ટીવીનો હજુ સુધીનો સૌથી મોંઘો શો

નવી દિલ્હી,તા.૨

ટૂંકમાં જ પ્રસારિત થનાર સત્યમેવ જયતે ટીવી પડદાનો અત્યાર સુધીનો સૌથી મોંઘો શો માનવામાં આવી રહ્યો છે. બોલીવુડમાં મિસ્ટર પરફેક્ટનીસ્ટ તરીકે જાણીકતા અભિનેતા આમિર ખાન આ શોનું સંચાલક કરશે. ફિલ્મ ઉદ્યોગમાં સફળતાના આયામ પર બેઠેલા આમિરખાન છેલ્લા બે વર્ષથી આ શોની તેયારી કરી છે. છઠ્ઠી મેથી શરૂ થનાર આ શોનું પ્રસારણ દુરદર્શન ઉપરાંત અન્ય ૧૦ ચેનલ ઉપર કરાશે. દુરદર્શન દેશભરમાં ૨૧ મીલીયન દર્શકો ધરાવે છે. શોને હિન્દી ઉપરાંત તેલગુ, તમીળ, મલિયાલમ અને કન્નડ ભાષામાં ડબ કરવામાં આવ્યો છે. શો માટે આમિરખાનાં એપીસોડ દીઠ ૩ કરોડ રૂપિયા લીધા છે. શોના પ્રમોશન માટે અત્યાર સુધી છ કરોડથી વધુનો ખર્ચ કરવામાં આવ્યો છે. શોમા આમિરની ફી અને પ્રમોશન બજેટ પર ૫૮ કરોડ રૂપિયાનો અત્યાર સુધી ખર્ચ થઈ ગયો છે. ટીવી શો માટે અત્યાર સુધી કોઈપણ સ્ટારે આટલી મોટી રકમ લીધી નથી. આમિરખાને શોના દરેક એપીસોડ માટે ૩ કરોડ રૂપિયા લીધા છે. ટીવી પર ૧૩ એપીસોડ વાળા શો પાછળ ખર્ચ માત્ર જાહેરાતમાંથી જ નિકળી જશે. જાહેરાતોથી ૩૬ કરોડ રૂપિયાની આવક થઈ છે. જેમાથી શોનો તમામ ખર્ચ નિકળી જશે. શો દરમ્યાન ૧૦ સેકન્ડ જાહેરાતમા ૧૦ લાખ રૂપિયા મળશે. શો પાછળ સ્પોન્સરો પણ ખર્ચ કરે છે. મુખ્ય સ્પોન્સર એરટેલ ભારતીએ ૧૮ કરોડ રૂપિયા ખર્ચ કર્યા છે. જ્યારે એકવાગાર્ડે ૧૬ કરોડ રૂપિયા ખર્ચ્યા છે.